*This Question Paper contains 7 printed pages.*

Seat No.: | | | | | | | |

Sl. No. : 338254

# 022(G)

**(March, 2019 )**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ **5** પાંચ વિભાગ અને **48** પ્રશ્નો છે.
2) બધાજ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
3) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.
4) પ્રશ્નની સૂચના પ્રમાણે જ જવાબ લખવા.
5) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A

■ **નીચે આપેલ પ્રશ્નક્રમાંક 1 થી 10 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ (A, B, C, D) પસંદ કરી જવાબ લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

1) આર્થિક વિકાસનો સાચો માપદંડ કયો છે ?

(A) રાષ્ટ્રીય આવકમાં વધારો (B) સાક્ષરતામાં વધારો

(C) બેરોજગારીમાં ઘટાડો (D) માથાદીઠ આવકમાં વધારો

2) ઈ.સ. 2014 માં નોર્વેનો માનવ વિકાસ આંક કેટલો હતો ?

(A) 0.944 (B) 0.609

(C) 0.984 (D) 0.914

3) "વાસ્તવિક આવક કરતાં નાણાંકીય આવક વધારે ઝડપી વધે તેને ફુગાવો કહે છે" - આ વ્યાખ્યા કોણે આપી છે ?

(A) લર્નર (B) કેઈન્સ

(C) પીગુ (D) માર્શલ



For More Papers Visit VisionPapers.in !!!

4) ભારતની મધ્યસ્થ બેંક કયા નામે ઓળખાય છે ?

(A) સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (B) રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા

(C) બેંક ઓફ ઇન્ડિયા (D) જનરલ બેંક ઓફ ઇન્ડિયા

5) તેંદુલકર સમિતિની ભલામણો મુજબ વર્ષ 2011-12 માટે શહેરી ક્ષેત્રોની ગરીબી રેખા નક્કી કરવા કેટલા રૂપિયા નક્કી કર્યા છે ?

(A) 816 (B) 916

(C) 1000 (D) 2000

6) બેરોજગારીનો ખ્યાલ કોના સંદર્ભમાં સમજાવવામાં આવે છે ?

(A) ગરીબી (B) વસ્તી

(C) શિક્ષણ (D) સક્રિય શ્રમના પુરવઠા

7) વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતા દેશોમાં ભારત કયા ક્રમે આવે છે ?

(A) બીજા (B) ત્રીજા

(C) પ્રથમ (D) ચોથા

8) NABARD ની સ્થાપના કયા વર્ષમાં થઈ ?

(A) 1982 (B) 1972

(C) 1992 (D) 1952

9) ભારત સરકારે કંઈ પંચવર્ષીય યોજના ખેતી ક્ષેત્રના વિકાસ માટે બનાવી હતી ?

(A) બીજી (B) પાંચમી

(C) ચોથી (D) પ્રથમ



For More Papers Visit VisionPapers.in !!!

10) વર્ષ દરમિયાન દેશની ભૌતિક અને અભૌતિક ચીજોની આયાત-નિકાસનું મૂલ્ય દર્શાવતા સરવૈયાને શું કહે છે ?

(A) વેપારતુલા (B) હૂંડિયામણ દર

(C) લેણદેણતુલા (D) વેપારનું કદ

## વિભાગ - B

**નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 11 થી 20 પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં આપો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

11) જ્યારે માહિતીને સતત આવૃત્તિમાં દર્શાવવી હોય ત્યારે શું દોરવામાં આવે છે ?

12) જીવનની ભૌતિક ગુણવત્તા આંકની રજૂઆત કોણે કરી છે ?

13) રિવર્સ રેપોરેટ એટલે શું ?

14) વિશ્વમાં સૌ પ્રથમ સ્થપાયેલ બેંકનું નામ જણાવો.

15) નિરપેક્ષ ગરીબ કોને કહેવાય ?

16) ઈ.સ. 2011 માં ગુજરાતમાં દર 1000 પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ કેટલું હતું ?

17) રોકડિયો પાક એટલે શું ?

18) લેણદેણની તુલામાં પુરાંત છે એમ ક્યારે કહેવાય ?

19) હૂંડિયામણ દર એટલે શું ?

20) KRIBHCO એ કયા પ્રકારના ઉદ્યોગોનું ઉદાહરણ છે ?

VisionPapers.in
For More Papers Visit VisionPapers.in !!!

## વિભાગ - C

■ **નીચેના 21 થી 34 સુધીના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. દરેકના 2 ગુણ છે.** **[28]**

21) આકૃતિના પ્રકાર જણાવો.

22) કમ્પ્યુટર ટેકનોલોજીના ઉપયોગ અંગેના ભયસ્થાનો જણાવો.

23) રાષ્ટ્રીય આવકના નિર્દેશકની કોઈપણ બે મર્યાદાઓ ટૂંકમાં સમજાવો.

24) ફુગાવાના લક્ષણો જણાવો.

25) સાટા પ્રથાનો અર્થ આપી તેની મુખ્ય મર્યાદાઓના માત્ર મુદ્દા જણાવો.

26) 'મધ્યસ્થ બેંક એ સરકારની બેંક છે.' - સમજાવો.

27) ગરીબીનો આધુનિક અભિગમ સમજાવો.

**અથવા**

પ્રધાનમંત્રી જનધન યોજનાનો હેતુ જણાવો.

28) ઘર્ષણજન્ય બેરોજગારીનો અર્થ અને ઉદાહરણ આપો.

29) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના ક્યારે અને કયા ઉદ્દેશથી શરૂ કરવામાં આવી ?

30) "કૃષિ ભારતીય અર્થતંત્રની કરોડરજ્જૂ સમાન છે." - સમજાવો.

31) હરિયાળી ક્રાંતિ એટલે શું ?

32) આંતરિક વેપાર અને આંતરરાષ્ટ્રીય વેપારનો અર્થ આપો.

33) વિશિષ્ટ આર્થિક વિસ્તાર એટલે શું ?

**અથવા**

VisionPapers.in

For More Papers Visit VisionPapers.in !!!

નાના પાયાના ઉદ્યોગો વિકેન્દ્રીકરણમાં કઈ રીતે ઉપયોગી છે ?

34) શહેરીકરણની વ્યાખ્યા આપો.

## વિભાગ - D

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 35 થી 43 સુધીના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** **[27]**

35) આકૃતિ અને આલેખ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.

**અથવા**

અર્થશાસ્ત્રના અભ્યાસમાં ઇન્ટરનેટ ટેકનોલોજીનો ઉપયોગ સમજાવો.

36) નાણાંના કાર્યો સમજાવો.

37) વેપારી બેંકની શાખા સર્જનની કામગીરી ઉદાહરણ સહિત સમજાવો.

**અથવા**

ભારતીય રિઝર્વ બેન્કની નાણાંકિય નીતિના ગુણાત્મક સાધનો પર નોંધ લખો.

38) ગરીબીના સામાજિક કારણો સમજાવો.

39) ગરીબીના કોઈપણ ત્રણ નિર્દેશકો ચર્ચો.

40) ભારતમાં નીચા મૃત્યુદરના કારણો સમજાવો.

41) ભારતમાં ખેત ઉત્પાદકતા વધારવાના કોઈપણ ત્રણ સંસ્થાકીય સુધારાઓ ચર્ચો.

**અથવા**

પાકની ફેરબદલી સમજાવો.

For More Papers Visit VisionPapers.in !!!

42) વિદેશ વેપારના કોઈપણ ત્રણ કારણો ચર્ચો.

43) શિક્ષણનું મહત્ત્વ જણાવો.

## વિભાગ - E

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 44 થી 48 સુધીના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો. દરેક પ્રશ્નના 5 ગુણ છે.** [25]

44) આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસનો અર્થ આપી તે બંને વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

45) ભારતમાં ઉદ્‌ભવતી બેરોજગારીના કોઈપણ પાંચ કારણો વિગતે સમજાવો.

**અથવા**

ભારતમાં બેરોજગારીની સમસ્યા હલ કરવાના કોઈપણ પાંચ ઉપાયો વિગતે સમજાવો.

46) ભારતીય અર્થતંત્રમાં ઉદ્યોગોના મહત્ત્વના સંદર્ભમાં કોઈપણ પાંચ મુદ્દાઓ સમજાવો.

47) સ્થળાંતરનો અર્થ આપી સ્થળાંતરની નકારાત્મક અસરો સમજાવો.

**અથવા**

શહેરીકરણની હકારાત્મક અસરો સમજાવો.

For More Papers Visit VisionPapers.in !!!

**48)**. નીચે આપેલી આંકડાકીય માહિતીને સ્તંભાકૃતિમાં રજૂ કરી તેનું વિશ્લેષણ કરો.

| વર્ષ | 1971 | 1981 | 1991 | 2001 | 2011 |
|---|---|---|---|---|---|
| ભારતમાં વસ્તી (કરોડમાં) | 55 | 68 | 85 | 103 | 121 |

નોંધ : અંધજન વિદ્યાર્થીઓ માટે સૂચના : અંધજન વિદ્યાર્થીઓ એ માત્ર વિશ્લેષણ કરવું.

◆◆◆

VisionPapers.in

For More Papers Visit VisionPapers.in !!!